RIGHT TO INFORMATION

अपील अरजी नं. ५१९ ता.२८–१२–११
फोन नं.२४२३७५१/५१८

અરજદારઃ– શ્રી હરેશ દલપતભાઈ પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરેશ દલપતભાઈ પરમારની તા. ૨૫–૧૧–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૧૯/૨૦૧૧–૧૨

શ્રી હરેશ દલપતભાઈ પરમારની તા. ૨૫–૧૧–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૩૦ તા.૧૦–૧–૧૨ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) તથા અરજદારને મુળ માંગેલ માહિતીની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે અપીલ દરમ્યાન જવાબ મળે તો તે પછી નારાજગી અંગે આધાર સહ રજુઆત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારે તા.૨૫–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદાર નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૨૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલના અનુસંધાને બન્ને પક્ષકારોને પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૪૩૦ તા.૧૦–૧–૧૨ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં બન્ને પક્ષકારો તરફથી મુળ અરજીની વિગતો પુરી પાડવામાં આવેલ નથી. આથી અપીલ અરજીમાં માહિતીના વિવરણમાં જણાવેલ વિગતો ઉધના શોપીંગ સેન્ટરવાળી ટી.પી. નં.૧ ઉધના ફા.પ્લોટ નં. ૧૨૨ પૈકી આવેલ મિલકતમાં થયેલ બાંધકામની માહિતી બાબત. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પુરી પાડેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૫–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરેશ દલપતભાઈ પરમાર